## સામોરમાં જાહેર રસ્તો ફરી બંધ કરાતાં લોકોમાં આક્રોશ

**ગ્રામજનોએ** ગ્રામ પંચાયતને લેખિત રજૂઆત કરી

અંકલેશ્વરઃ અંકલેશ્વરના સામોર ગામમાં ગામતળમાં આવવા-જવાનો મહત્ત્વનો જાહેર રસ્તો ફરી એકવાર જે.સી.બી. મશીનથી ખોદી બંધ કરી દેવાતાં ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે. રસ્તો બંધ થવાના કારણે ગામના રહીશોને અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

સામોર ગામના રાજેશભાઈ નટવરભાઈ મોદી, ગીરીશભાઈ હિંમતભાઈ પટેલ સહિતના ગ્રામજનોએ ગ્રામ પંચાયતને લેખિત રજૂઆત કરી જણાવ્યું હતું કે, છેલ્લા બે-ત્રણ દિવસથી જિગ્નેશકુમાર પ્રાણશંકર ભટ્ટ દ્વારા આર.સી.સી. રોડ જે.સી.બી.થી ખોદી રસ્તો બંધ કરવામાં આવ્યો છે.

અગાઉ પણ આ રસ્તા પર કાંટાની વાડ બનાવી રસ્તો બંધ કરવામાં આવ્યો હતો. તે સમયે ગ્રામ પંચાયત દ્વારા તા.૨૦-૦૭-૨૦૨૪, તા.૫-૮-૨૦૨૪ અને તા.૧૭-૯-૨૦૨૪ના રોજ નોટિસ આપવામાં આવી હતી. બાદ તા.૧૮-૯-૨૦૨૪ના રોજ પોલીસ બંદોબસ્ત વચ્ચે મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી તથા ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓની હાજરીમાં રસ્તો ખુલ્લો કરવા અંગે સમજૂતી થઈ હતી. તેમ છતાં ફરીથી રસ્તો બંધ કરાતા વૃદ્ધો, મહિલાઓ, બાળકો તથા દર્દીઓને પણ અવરજવરમાં મુશ્કેલી સર્જાઈ રહી હોવાનું ગ્રામજનોએ જણાવ્યું છે.

ગ્રામજનોએ રસ્તાની સ્થળ તપાસ કરાવી તાત્કાલિક રસ્તો ખુલ્લો કરાવવા તેમજ ભવિષ્યમાં ફરીથી રસ્તો બંધ ન થાય તે માટે જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

## અંકલેશ્વર GIDCમાં બાકી ઉદ્યોગકારોને પ્લોટ ફાળવણીનો માર્ગ અંતે મોકળો

**ઉદ્યોગ** મંડળની રજૂઆતને જીઆઈડીસીનો હકારાત્મક પ્રતિસાદ

**પેન્ડિંગ** અરજીઓનો ધારાધોરણ મુજબ નિકાલ થશે

અંકલેશ્વરઃ અંકલેશ્વર જીઆઈડીસી વસાહતમાં ઉદ્યોગ સ્થાપવા માટે પ્લોટ મેળવવા અરજી કરનારા પરંતુ ગત ઓગસ્ટ માસમાં હાથ ધરાયેલા પ્લોટ એલોટમેન્ટમાં પ્લોટથી વંચિત રહેલા ઉદ્યોગકારો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. આ મામલે અંકલેશ્વર ઉદ્યોગ મંડળ દ્વારા જીઆઈડીસી નિગમના ઉચ્ચ કક્ષાએ કરવામાં આવેલી રજૂઆતને હકારાત્મક પ્રતિસાદ મળ્યો હોવાનું જાણવા મળ્યું છે.



સુરેશ ગાંધી, પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર ઉદ્યોગ મંડળના પ્રમુખ વિમલ જેઠવાએ જણાવ્યું હતું કે, ગત ઓગસ્ટ માસમાં થયેલા પ્લોટ એલોટમેન્ટ દરમિયાન સ્થાનિક ઉદ્યોગકારોમાંથી કેટલાકને પ્લોટ ફાળવવામાં આવ્યા નહોતા. બાદ જરૂરી ધારાધોરણોની પૂર્તતા કરનારા અને પાત્રતા ધરાવતા ઉદ્યોગકારોને હવે પ્લોટ ફાળવવાનો માર્ગ મોકળો બન્યો છે. જીઆઈડીસી નિગમ દ્વારા પેન્ડિંગ અરજીઓની ચકાસણી અને નિર્ધારિત ધારાધોરણ મુજબ કાર્યવાહી કર્યા બાદ પાત્ર લાભાર્થીઓને પ્લોટ ફાળવવામાં આવશે. આ નિર્ણયથી લાંબા સમયથી પ્લોટની રાહ જોઈ રહેલા ઉદ્યોગકારોમાં આશાવાદ જોવા મળી રહ્યો છે. ઉપરાંત આગામી તબક્કામાં પ્લોટ મેળવવા માટે નવી અરજીઓ પણ ઓનલાઈન સ્વીકારવામાં આવશે. હાલની પેન્ડિંગ અરજીઓનો નિકાલ થયા બાદ નવા પ્લોટ એલોટમેન્ટ માટે ઓનલાઈન અરજી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઉદ્યોગ મંડળે આ પ્રક્રિયાથી વધુ ઉદ્યોગકારોને જીઆઈડીસી વસાહતમાં ઉદ્યોગ સ્થાપવાની તક મળશે તેવી આશા વ્યક્ત કરી છે.

## બારડોલીમાં નર્સિંગની વિદ્યાર્થિની સાથે વર્ક ફ્રોમ હોમના નામે ઠગાઈ

**બિટકોઇન** ટ્રેડિંગ કંપનીમાં નફાની લાલચે રૂ.૭૦ હજારથી વધુની છેતરપિંડી

બારડોલીઃ બારડોલીમાં ઓનલાઇન છેતરપિંડીનો એક મોટો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. બારડોલીની કોલેજમાં બી.એસ.સી. નર્સિંગના ચોથા વર્ષમાં અભ્યાસ કરતી અને મૂળ જમ્મુ કાશ્મીરની વતની સોનિયાદેવી દત સાથે અજાણ્યા ગઠિયાઓએ 'વર્ક ફ્રોમ હોમ'ની લાલચ આપી કુલ રૂ.૭૦,૯૯૯ની છેતરપિંડી આચરી છે. આ મામલે બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં ૪ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ ફરિયાદ નોંધવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વિદ્યાર્થિનીએ યુટ્યુબ પર 'વર્ક ફ્રોમ હોમ' સર્ચ કર્યા બાદ ટેલિગ્રામ પર એક ઓનલાઇન ગ્રુપ જોઈન કર્યું હતું. આ ગ્રુપમાં તેને સારા નફાની લાલચ આપીને શરૂઆતમાં રૂ.૩,૦૦૦નું રોકાણ કરવા જણાવાયું હતું. ત્યારબાદ આઈડી એક્ટિવેટ કરવાના નામે વધુ રૂ.૫,૦૦૦ ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા.

ગઠિયાઓએ એક મોબાઈલ નંબર પરથી વોટ્સએપ મેસેજ મોકલીને બિટકોઇન ટ્રેડિંગ કંપનીમાં પાંચ લાખ રૂપિયાનો નફો થયો હોવાનું નકલી ઇનવોઇસ મોકલ્યું હતું. આ નફો ઉપાડવા માટે જીએસટી અને ટીમ કમિશનના બહાને વારંવાર અલગ-અલગ યુપીઆઈ સ્કેનર મોકલીને વધુ રકમ પડાવવામાં આવી હતી. ગઠિયાઓએ અલગ-અલગ નામના સ્કેનર પર કટકે-કટકે કુલ રૂ.૭૦,૯૯૯ ટ્રાન્સફર કરાવી લીધા હતા. છેલ્લે જ્યારે નફો સાત લાખ થઈ ગયો હોવાનું જણાવી વધુ ૪૦ હજાર રૂપિયા ટેક્સ પેટે માંગવામાં આવ્યા, ત્યારે વિદ્યાર્થિની પાસે પૈસા ન હોવાથી તેણે પોતાની મિત્રને વાત કરી હતી. મિત્રએ આ બધું ફ્રોડ હોવાનું સમજાવતા તેને પોતાની સાથે થયેલી છેતરપિંડીનો અહેસાસ થયો હતો. આ સમગ્ર ઘટના અંગે વિદ્યાર્થિનીએ પહેલા સાયબર હેલ્પલાઇન ૧૯૩૦ પર જાણ કરી હતી. ત્યારબાદ બારડોલી પોલીસ મથકે અજાણ્યા ઈસમો સામે કાયદેસરનો ગુનો નોંધાવ્યો છે. પોલીસે ગુનો દાખલ કરી આગળની તપાસ શરૂ કરી છે

## પાનોલી GIDCની હોસ્ટર લાઈફ સાયન્સ કંપનીમાં ભીષણ આગ

**ચાર** ફાયર બ્રિગેડે પાંચ કલાકની જહેમત બાદ આગ કાબૂમાં લીધી

અંકલેશ્વર, ભરૂચઃ અંકલેશ્વરની પાનોલી જીઆઈડીસીમાં આવેલી હોસ્ટર લાઈફ સાયન્સ કંપનીમાં મોડી રાત્રે અચાનક ભીષણ આગ લાગી હતી. આગ લાગતાં જ વિસ્તારમાં ભારે અફડાતફડી મચી ગઈ હતી અને આસપાસના વિસ્તારમાં પણ દહેશતનો માહોલ છવાઈ ગયો હતો. આગની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમો તરત જ ઘટના સ્થળે દોડી આવી હતી.



પ્રવીણ તેરૈયા

આગ વધુ ન ફેલાય એ માટે ચાર ફાયર બ્રિગેડની મદદથી પાણીનો છંટકાવ કરવામાં આવ્યો હતો. ફાયર ફાઈટર્સની ભારે મહેનત અને લાંબી જહેમત બાદ આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. જોકે, આગથી કંપનીમાં કેટલું નુકસાન થયું છે તેની હજુ સુધી સત્તાવાર માહિતી સામે આવી નથી. ઈન્ડસ્ટ્રિયલ સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગે આ મામલે તપાસ શરૂ કરી છે અને આગ લાગવાનું નક્કી કારણ જાણવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ ઘટના બાદ ઔદ્યોગિક એકમોમાં સલામતીનાં પગલાં અંગે ફરી એકવાર ચર્ચા શરૂ થઈ છે.

## કુકરમુંડામાં ખેતી માટે નિયમિત વીજળી ન મળતાં ખેડૂતોનો વિરોધ

કુકરમુંડાઃ કુકરમુંડા તાલુકાના ખેડૂતોને ખેતી તથા ફળવાડીના પાક માટે પૂરતા પ્રમાણમાં અને નિયમિત વીજ પુરવઠો મળી રહે એ માટે ગ્રામ પંચાયતોના આગેવાનો દ્વારા અગાઉ રજૂઆત કરવામાં આવી હતી. જોકે, રજૂઆત બાદ પણ વીજ પુરવઠાની સમસ્યાનું નિરાકરણ ન આવતાં ગતરોજ ખેડૂતો કુકરમુંડા ડી.જી.વી.સી.એલ. કચેરી ખાતે પહોંચ્યા હતા. ગ્રામ પંચાયત આષ્ટા તરફે બુધાવલ, ગ્રામ પંચાયત મટાવલ, ગ્રામ પંચાયત ફૂલવાડી, ગ્રામ પંચાયત ચિરમટી તેમજ તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ અને તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ દ્વારા ગત તા.23/9/2026ના રોજ નાયબ કાર્યપાલક ઈજનેર, દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ. કુકરમુંડા સમક્ષ ખેતીના કામ માટે વીજ પુરવઠો પૂરતા પ્રમાણમાં તથા નિયમિત સમય સુધી ચાલુ રાખવા બાબતે રજૂઆત કરવામાં આવી હતી.

## ઉમરપાડા અને માંગરોળ તાલુકાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા માંગ

**ગુજરાત** આદિવાસી હિતરક્ષક સમિતિનું આવેદનપત્ર

વાંકલઃ માંગરોળ અને ઉમરપાડા તાલુકામાં ચાલુ વર્ષે પૂરતો વરસાદ ન થવાને કારણે ખેતીને વ્યાપક નુકસાન થયું છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાત આદિવાસી હિતરક્ષક સમિતિ (ગાંધીનગર/ઝંખવાવ) દ્વારા મુખ્યમંત્રી, મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ તથા સુરત કલેક્ટરને સંબોધીને એક આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. આવેદનપત્રમાં જણાવાયું છે કે, આ આદિવાસી બહુલ તાલુકાઓમાં ખેડૂતો મુખ્યત્વે વરસાદી ખેતી પર નિર્ભર છે. ચાલુ વર્ષ ૨૦૨૬માં જુલાઈનો આખો મહિનો વરસાદ પડ્યો નથી અને ૨૩ ઓગસ્ટ-૨૦૨૬ પછી પણ કોઈ



વિનોદ મૈસુરીયા

વરસાદ થયો નથી. વરસાદ ખેંચાતાં ડાંગર, જુવાર, તુવેર, કપાસ, મગ અને અડદ જેવા તમામ મુખ્ય પાકો સંપૂર્ણપણે નિષ્ફળ ગયા છે. સરકારની માર્ગદર્શિકા (ગાઈડલાઈન) મુજબ જો સતત ૪ અઠવાડિયા સુધી વરસાદ ન પડે તો તે વિસ્તારને અછત કે દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની જોગવાઈ છે. વળી, પડોશી રાજ્ય મહારાષ્ટ્રે પણ આવી જ સ્થિતિમાં કેટલાક તાલુકાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કરેલા છે. માંગરોળ અને ઉમરપાડા આદિવાસી તાલુકાઓને તાત્કાલિક ધોરણે દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે. સાથે પશુઓ માટે ઘાસચારો/પાણી અને ખેડૂતોને પીવાના પાણીની પૂરતી વ્યવસ્થા કરવામાં આવે. ઉપરાંત દુષ્કાળગ્રસ્ત જાહેર કરી ખેડૂતોના દેવા માફી અને ખેડૂતોના વીજળી બિલ માફ કરવાની જાહેરાત કરવામાં આવે એવી માંગ કરવામાં આવી છે.



ઈબ્રાહીમ કાનુ

## વેલાછામાં PHCનું લોકાર્પણ 10થી વધુ ગામોને લાભ મળશે

**પ્રાથમિક** આરોગ્ય કેન્દ્ર અને શાળાના ઓરડાનું ધારાસભ્યના હસ્તે લોકાર્પણ

હથોડાઃ માંગરોળના વેલાછા ગામે રવિવારે માંગરોળના ધારાસભ્ય ગણપતસિંહ વસાવાના હસ્તે ૧.૭૫ કરોડના ખર્ચે નવનિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) અને સરકારી પ્રાથમિક શાળાના ઓરડાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

વેલાછા સહિત લીંબાડા, કઠવાડા, સાવા, નંદાવ, શેઠી, ઘુટી, પાણેથા, હથોડા અને મોટી નરોલી જેવા આસપાસના ૧૦થી ૧૫ ગામોના ગરીબ અને મધ્યમ વર્ગના લોકો વર્ષોથી આ આરોગ્ય કેન્દ્ર પર નભે છે. જર્જરીત બનેલી શાળા અને આરોગ્ય કેન્દ્રના રિનોવેશન બાદ હવે આધુનિક સુવિધાઓથી સજ્જ થતાં સ્થાનિકોને મોટી રાહત મળશે. વેલાછામાં કોંગ્રેસ શાસિત પંચાયત હોવાથી ગ્રામજનોની હાજરી મર્યાદિત રહી હતી, પરંતુ તાલુકાભરમાંથી 90 જેટલી કારમાં ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## CA રવિ છાવછરિયાની 'CA STARS' પહેલથી ગરીબ ઘરના ૨૩૫ વિદ્યાર્થીઓ CA બન્યા

**ફેક્ટરી** કામદાર, ખેડૂત, રિક્ષાચાલક અને સિક્યોરિટી ગાર્ડના સંતાનોને ચાર વર્ષનું CA શિક્ષણ

સુરતઃ ગુજરાતમાં શરૂ થયેલી એક અનોખી પહેલ આજે દેશભરના આર્થિક રીતે વંચિત વિદ્યાર્થીઓના જીવનમાં પરિવર્તન લાવી રહી છે. સુરતના CA રવિ છાવછરિયા દ્વારા સંચાલિત CA STARS એક એવી વિશેષ પહેલ છે, જે દર વર્ષે 160 થી વધુ આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને સંપૂર્ણપણે નિ:શુલ્ક CA શિક્ષણ પૂરું પાડે છે. CA STARS અંતર્ગત CA નું સંપૂર્ણ શિક્ષણ જે ૪ વર્ષ નું છે એ વર્ષે 40 થી વધુ વિદ્યાર્થીઓને સિલેક્ટ કરી



વ્યાપક સહાય પૂરી પાડવામાં આવે છે. આ પહેલની નોંધપાત્ર સિદ્ધિ એ છે કે છેલ્લા ૬ વર્ષમાં CA STARS ના ૨૩૫ વિદ્યાર્થીઓ CA ફાઇનલ સુધી ની કઠિન પરીક્ષાઓ પાસ કરી CA બન્યા છે. આ પહેલ માત્ર નિ:શુલ્ક શિક્ષણ પૂરતી મર્યાદિત નથી. સુરત બહારથી પસંદગી પામીને આવતા વિદ્યાર્થીઓ માટે રહેવાની વ્યવસ્થા તેમજ અભ્યાસ માટે જરૂરી અન્ય સુવિધાઓ પણ નિ:શુલ્ક પૂરી પાડવામાં આવે છે. આ વિદ્યાર્થીઓ અત્યંત પડકારજનક અને સંઘર્ષમય પરિસ્થિતિમાંથી આવે છે અને પોતાના પરિવારના પ્રથમ પેઢીના શિક્ષણ મેળવનારા વિદ્યાર્થીઓ છે. તેમના માતા-પિતામાં કેટલાક ફેક્ટરીમાં કામ કરે છે, નાના ખેડૂત છે, ઓટો રિક્ષા ચલાવે છે, સિક્યોરિટી ગાર્ડ તરીકે કાર્ય કરે છે, જ્યારે કેટલાક વિદ્યાર્થીઓએ પોતાના માતા-પિતાને ગુમાવ્યા છે. CA રવિ છાવછરિયા આ સમગ્ર પહેલ કોઈપણ પ્રકારનું દાન કે બાહ્ય સહાય વગર સ્વબળે ચલાવે છે. આ વિદ્યાર્થીઓને સફળતા માટે જરૂરી શિક્ષણ, સુવિધાઓ અને માર્ગદર્શન પૂરું પાડીને CA રવિ છાવછરિયા માત્ર વ્યક્તિગત જીવનમાં પરિવર્તન લાવી રહ્યા નથી, પરંતુ દેશના આર્થિક અને સામાજિક વિકાસને પણ મજબૂત બનાવવામાં યોગદાન આપી રહ્યા છે.

## ઝંખવાવમાં જમીન સંપાદન સામે ખેડૂતોનો રોષ: કલેક્ટરને આવેદન

**એક** મહિનામાં ઉકેલ ન આવે તો અનિશ્ચિત મુદતનાં ધરણાની ચીમકી

વાંકલઃ ઝંખવાવ ગામના મિશન ફળિયાના અસરગ્રસ્ત ખેડૂતો દ્વારા પોતાની આજીવિકા અને મકાનો બચાવવા માટે કલેક્ટરને સંબોધી એક આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

નેશનલ હાઈવે-56 બાયપાસ રોડ, કોસંબા-ઉમરપાડા રેલવેલાઇન, જેટકોના વીજટાવર તથા સોલર અંડરગ્રાઉન્ડ વીજ લાઇન જેવા વિવિધ સરકારી પ્રોજેક્ટ્સ માટે ગામની ફળદ્રુપ જમીન સંપાદિત કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. જેનો ખેડૂતોએ સખત વિરોધ નોંધાવ્યો છે. ખેડૂતોના જણાવ્યા અનુસાર આશરે ૬.૫ હેક્ટર જમીન સંપાદિત થવાથી મિશન ફળિયાના ૨૩ પરિવારના ૯૩ સભ્યની ખેતી અને પશુપાલનની આજીવિકા છીનવાઈ જશે. ઉપરાંત જમીન પર આવેલાં ૧૭ રહેણાક મકાનો પણ વિસ્થાપિત થઈ જશે. ખેડૂતોએ વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, ભૂતકાળમાં પણ છ જેટલી વખત સરકારી કામો માટે તેમની જ જમીનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અનુસૂચિ હેઠળ 'પેસા કાનૂન-૧૯૯૬'માં આવતું હોવાથી જમીન સંપાદન એ આખરી ઉપાય હોવો જોઈએ. જો આગામી એક માસમાં આ અંગે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો તમામ અસરગ્રસ્ત ખેડૂતો અનિશ્ચિત મુદતનાં ધરણા પર બેસશે એમ આવેદનમાં જણાવ્યું છે.


**પાસપોર્ટ ખોવાયો છે**

પાસપોર્ટ નં: X1174782 જે અમારા નિવાસ સ્થાનેથી કામરેજ ચાર રસ્તા પાસે છેલ્લા પાંચ મહિનાથી ક્યાંક ખોવાઈ ગયેલ છે જેમને મળે તેમણે નીચેના સરનામે સંપર્ક કરવા વિનંતી.

રાજેશભાઈ ગુલાભાઈ પટેલ
રહેવાસી : ૨૬,પટેલ ફળીયું,મુ.પો.સીમાડી, તા. કામરેજ, જી. સુરત



Milano MULTIPLEX
બારડોલી

Drishyam:The Conclusion
10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 04:00pm, 06:00pm, 07:00pm, 09:00pm, 09:30pm, 10:00pm

The Paradise - 11:00am
Prem Keetnu - 02:15pm
The Vvaan - 05:15pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333


## સંક્ષિપ્ત સમાચાર

### બડતલ ગામે વિધવા બહેનોને ધાબળાનું વિતરણ



હિતેશ પટેલ

માંડવીઃ માંડવીના બડતલ ગામના ગોડાઉન ફળિયામાં તાજેતરમાં એક પ્રશંસનીય અને પ્રેરણાદાયક સેવાકીય કાર્યક્રમ યોજાયો હતો. સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવવાના ઉમદા આશય સાથે ડી.સી. ચૌધરી પરિવાર તથા 'દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશન ટ્રસ્ટ'ના સંયુક્ત ઉપક્રમે ગામની નિરાધાર અને વિધવા બહેનોને ધાબળા (બ્લેન્કેટ)નું વિતરણ કરવામાં આવ્યું હતું. આયોજકોના આ નિ:સ્વાર્થ માનવતાવાદી અભિગમની સ્થાનિક ગ્રામજનો અને આગેવાનો દ્વારા ભારે સરાહના કરવામાં આવી રહી છે.

### રોટરી ક્લબ ઓફ અંકલેશ્વરની ગોલ્ડન જ્યુબિલી યોજાઈ

અંકલેશ્વરઃ રોટરી ક્લબ ઓફ અંકલેશ્વર દ્વારા ક્લબની સ્થાપનાના ૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે આજે ગોલ્ડન જ્યુબિલી સેલિબ્રેશનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. અંકલેશ્વર જીઆઈડીસી સ્થિત ડાયમંડ ચિલ્ડ્રન થિયેટરમાં યોજાયેલા આ કાર્યક્રમમાં રોટરીના હોદ્દેદારો, સભ્યો તથા આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કલ્યાણ બેનર્જી, વિશિષ્ટ અતિથિ તરીકે નિલેશ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

### ભરૂચના વિદ્યાર્થીઓને નવી દિલ્હી સંસદ ભવન ખાતે ગાંધી જયંતીની ઉજવણી માટે આમંત્રણ મળ્યું




ભરૂચઃ ઝઘડિયાની નવા ટોઠીદરા પ્રાથમિક શાળાના બે તેજસ્વી વિદ્યાર્થીએ રાષ્ટ્રકક્ષાના "બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન" (ભોપાલ, મધ્યપ્રદેશ) માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને સમગ્ર ભરૂચ જિલ્લાનું નામ દેશભરમાં રોશન કર્યું છે. શાળાના શિક્ષક ઉર્વેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલા આ બંને (બાળ વૈજ્ઞાનિક) વિદ્યાર્થી પૈકી ભાવિક માછી અને જૈનિલ પટેલ પ્રતિભાને બિરદાવતા, તા-૨જી ઓક્ટોબરે નવી દિલ્હી ખાતે સંસદ ભવનમાં યોજાયેલા મહાત્મા ગાંધી જન્મજયંતીના રાષ્ટ્રીય કાર્યક્રમમાં હાજર રહેવા માટે ખાસ આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

### ભરૂચમાં વન્ય પ્રાણી સપ્તાહ નિમિત્તે વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી પ્રદર્શની યોજાઈ




ભરૂચઃ રાજ્ય સરકારના "સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત તથા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના મુખ્યમંત્રી અને વડાપ્રધાન તરીકે ૨૫ વર્ષ પૂર્ણ થવાના નિમિત્તે, સામાજિક વનીકરણ વિભાગ, ભરૂચ જિલ્લા દ્વારા વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે મકતમપુર સ્થિત નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે "જૈવ વૈવિધ્યનું મહત્ત્વ" વિષય પર વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદર્શનમાં વન્યપ્રેમી ફોટોગ્રાફર્સ દ્વારા કેમેરામાં કંડારાયેલા ૧૬૦થી વધુ વન્યપ્રાણીઓ અને પક્ષીઓના અદભાત ફોટોગ્રાફ્સ રજૂ કરવામાં આવ્યા હતા.

### અંકલેશ્વરમાં ઘર બહાર પાર્ક કરેલી બાઇકની ચોરી

અંકલેશ્વરઃ અંકલેશ્વર શહેરના સુરતી ભાગોળ વિસ્તારમાં આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડમાંથી ઘર બહાર પાર્ક કરેલી ૨.૨૫ લાખની કિંમતની યામાહા MT-15 મોટરસાઇકલ ચોરાઇ જવાની ઘટના સામે આવી છે. સ્થાનિક કંપનીમાં નોકરી કરતા ૧૯ વર્ષીય જીત દેવનાથે ૨ ઓક્ટોબરના રોજ ઘર બહાર બાઇક પાર્ક કરી હતી. સવારે ૯ વાગ્યે નોકરીએ જવા નીકળતા બાઇક ગાયબ જણાતાં આસપાસના વિસ્તારોમાં શોધખોળ હાથ ધરી હતી, પરંતુ પત્તો ન મળતા આખરે અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથકે અજાણ્યા તસ્કર વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### પીપલોદમાં તિજોરી પાછળ સંતાડેલો દારૂ મળ્યો

ચિકદાઃ ડેડિયાપાડા તાલુકાના પીપલોદ ગામના પાદર ફળિયામાં રહેતા વીરસિંગ સિંગાભાઈ વસાવાના ઘરે પોલીસે દરોડો પાડ્યો હતો. તા. 4 ઓક્ટોબરે આ દરોડા દરમિયાન તેમના ઘરમાં તિજોરીની પાછળ સંતાડેલો ઈંગ્લિશ દારૂ મળી આવ્યો હતો. પોલીસે 27 બોક્સ રોયલ વ્હિસ્કીના 180 MLના 1296 પ્લાસ્ટિક કોટરીયા અને 500 MLના 72 માઉન્ટ 6000 બિયર ટીન જપ્ત કર્યાં હતાં. જપ્ત કરાયેલા દારૂનો કુલ મુદ્દામાલ રૂ.2,58,192નો છે. પોલીસ રેડ દરમિયાન આરોપી વીરસિંગ સિંગાભાઈ વસાવા ઘરથી ગાયબ હતો. ડેડિયાપાડા પોલીસે તેમની વિરુદ્ધ ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી શરૂ કરી છે.

### નહેરમાં તણાઈ જતાં વ્યારાના કસવાવના યુવકનું મોત

વ્યારાઃ તાપીમાં ઉકાઈ ડાબા કાંઠા નહેરમાં તણાઈ જતાં વ્યારા તાલુકાના કસવાવના યુવકનું મોત નીપજ્યું હતું. બંકિમચંદ્ર કુમારભાઈ ચૌધરી (ઉં.વ.32) (રહે.,કસવાવ ઉમરી ફળિયું, તા.વ્યારા) ગત તા.4-10-2026ના રોજ બપોરે 2.30 વાગ્યાના અરસામાં ઉમરકચ્છ ગામમાંથી પસાર થતી ઉકાઈ ડાબા કાંઠા નહેરમાં મશીનના ફુટવાલ પર જામી ગયેલી લીલ અને કચરો કાઢવા ઊતર્યો હતો. દરમિયાન અચાનક પગ લપસી જતાં બંકિમચંદ્ર નહેરના ઊંડા પાણીમાં તણાઈ ગયો હતો. જેનો મૃતદેહ ભારે શોધખોળ બાદ ગતરોજ સવારે 6.30 કલાકે ડોલવણમાં ગાંગપુર ગામે ઉકાઈ ડાબા કાંઠા નહેરમાંથી મળી આવ્યો હતો.


**વાંકલ ગામના સર્વ ગ્રામજનોના સહયોગથી સ્વચ્છ સુંદર અને વિકસીત ગામ બનાવીએ**

**વાંકલ ગ્રામ પંચાયતના નિયમિત વેરા ભરી સૌ ગ્રામજનો નાગરિક ધર્મ નિભાવીયે**



સરપંચશ્રી
અનિતાબેન ઠાકોરભાઈ ચૌધરી
વાંકલ ગ્રા.પં.

આપણું ઘર આગણું, ફળિયું અને ગામમાં સ્વચ્છતા જાળવી સાથે મળી સૌવના સહકારથઈ નાગરિકોની સુખાકારી સુખ શાંતિ અને સમૃધ્ધી વધારીએ વાંકલગામને વિકાસના પંથે આગળ લઈ જવા ગ્રામજનો સંકલ્પ કરીએ.



ઉ.સરપંચશ્રી
શૈલેષકુમાર બાલુભાઈ મૈસુરીયા
વાંકલ ગ્રા.પં.

અનિતાબેન ઠાકોરભાઈ ચૌધરી - સરપંચશ્રી
શૈલેષભાઈ બાલુભાઈ મૈસુરીયા - ઉપ સરપંચશ્રી
ઠાકોરભાઈ વનજીભાઇ ચૌધરી - સભ્યશ્રી
દિવ્યાબેન મહેન્દ્રસિંહ અટોદરિયા - સભ્યશ્રી
આરતીબેન અમિતકુમાર પંચાલ - સભ્યશ્રી
ચંપાબેન સોમાભાઇ ગામીત - સભ્યશ્રી
શીલાબેન કિશોરભાઇ વસાવા - સભ્યશ્રી
રેશનભાઇ દુબલભાઈ ચૌધરી - સભ્યશ્રી
નિલેશભાઈ રમેશભાઇ ગામીત - સભ્યશ્રી
લીલાબેન મહેશભાઇ વસાવા - સભ્યશ્રી
પરેશભાઈ મહેશભાઇ ચૌધરી - સભ્યશ્રી
વર્ષાબેન સુનિલભાઈ ચૌધરી - સભ્યશ્રી
નટવરભાઇ રામજીભાઈ ચૌહાણ - સભ્યશ્રી
પ્રિતેશકુમાર શુકકરભાઈ ચૌધરી - તલાટી કમ મંત્રી
લિ. તલાટી - મનિષાબેન વસાવા

તા. માંગરોળ, જિલ્લો. સુરત